ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તા:૧૭/૦૨/૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી,
.............................,
ભાવનગર.

## ઈસરો સંચાલીત વિક્રમ સારાભાઈ સ્પેસ એકઝીબીશન ભાવનગરના આંગણે.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરનું આયોજન

ઈસરો (ઈન્ડીયન સ્પેસ રીર્સચ ઓર્ગેનાઈઝેશન) દ્વારા અવકાશમાં અનેકવિધ ઉપગ્રહો મોકલવામાં આવે છે. આ ઉપરાંત મંગળ પર મોકલવામાં આવેલ મંગળયાન તથા તેની વિવિધ માહીતીઓથી ભરપુર એવું **વિક્રમ સારાભાઈ સ્પેસ એકઝીબીશન** આપણાં દેશની અવકાશી સંશોધન સંસ્થા **ISRO (Indian Space Research Organizatio)** દ્વારા અવકાશ ક્ષેત્રે ભારતે મેળવેલી સિધ્ધિઓની માહિતી લોકો સુધી પહોંચાડવા માટે ચલાવવામાં આવે છે. જેમાં **ISRO** દ્વારા તાજેતરમાં સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવેલ "મિશન ઓફ માર્સ" **(MOM)**, તથા **ISRO** દ્વારા તરતા મુકવામાં આવેલ ઉપગ્રહો જેવા કે આર્યભટ્ટ, રિમોટ સેન્સીંગ સેટેલાઈટ, કોમ્યુનીકેશન સેટેલાઈટ, **GPS** સેટેલાઈટ, **GSAT**, **RISAT** સેટેલાઈટ વગેરે મોડેલોનો સમાવેશ કરવામાં આવેલ છે. ઉપરાંત ઉપગ્રહોને તરતા મુકવા માટે ખુબજ ઉપયોગી એવા **PSLV** લોન્ચીંગ રોકેટ, **GSLV** લોન્ચીંગ રોકેટ તેમજ કૃત્રીમ ઉપગ્રહોના મોડેલ અને તેમાં ઉપયોગમાં લેવામાં આવતા વિવિધ કેમેરા, સેન્સર, લોન્ચીંગ વ્હીકલ વગેરેના મોડલ અને અવકાશીય પ્રોગ્રામની ડોકયુમેન્ટ્રી ફિલ્મોનું પ્રદર્શનનો સમાવેશ થાય છે.

ભાવનગર સ્થિત કલ્યાણ પ્રાદેશીક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિક્રમ સારાભાઈ સ્પેસ એકઝીબીશન વિદ્યાર્થીઓ તથા આમ જનતા માહીતગાર થાય તેવા હેતુસર ભાવનગર ખાતે તા. ૨૪ અને ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૬ દરમ્યાન શેઠ એચ. જે. લો કોલેજના બિલ્ડીંગ, સરદારનગર, ભાવનગર ખાતે યોજાનાર છે.

ઈસરોના સહયોગથી કલ્યાણ પ્રાદેશીક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા યોજાનાર આ પ્રદર્શનનો લ્હાવો વિનામુલ્યે મળવાનો હોવાથી કલ્યાણ પ્રાદેશીક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા શાળા કોલેજના વિદ્યાર્થીઓ તથા આમ જનતાએ લાભ લેવા અનુરોધ છે.

શાળાઓ તથા કોલેજોએ 'વિક્રમ સારાભાઈ સ્પેસ એકિઝબિશન' ની મુલાકાતનું આયોજન કરીને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરને અગાઉથી જાણ કરવી. વધુ માહિતિ માટે ફોન નં. ૨૫૭૦ ૧૧૦/ ૧૧૧ ઉપર સવારના ૧૦.૦૦ થી સાંજના ૬.૦૦ કલાક દરમિયાન સંપર્ક કરી શકાશે.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.